# તસ્કરી વિ. ગેરકાયદે હેરફેર

**માનવ તસ્કરી** એટલે બળ, છેતરપીડી અથવા ડરામણીના ઉપયોગથી કોઇ પ્રકારની શ્રમ પ્રવૃત્તિ અથવા નાણાં સામે જાતીય પ્રવૃત્તિ કરાવવી, અથવા એવી પ્રવૃત્તિ જેમાં નાણાં સામે જાતીય પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ 18 વર્ષથી ઓછી ઉંમરની હોય.

**ગેરકાયદે માનવ હેરફેર** એટલે (ઇમિગ્રેશન) દેશાંતરના કાયદાઓનું જાણી જોઇને ઉલ્લંઘન કરીને દસ્તાવેજ ન ધરાવતા નાગરિકત્વ વિનાના લોકોને યુ.એસ.માં લાવવા અને પહેલેથી જ યુ.એસ.માં હોય તેવા દસ્તાવેજ ન ધરાવતા નાગરિકત્વ વિનાના લોકોનું ગેરકાયદેસર પરિવહન કરવું અને આશ્રય આપવો.

## આ બંને શબ્દો એકબીજાના પર્યાયવાચી નથી

ગેરકાયદે હેરફેર એ પરિવહન-આધારિત છે અને સરહદ સંબંધિત ગુનો છે

તસ્કરીમાં શોષણનો સમાવેશ થાય છે અને તે વ્યક્તિ સામેનો ગુનો છે

BLUE CAMPAIGN
One Voice. One Mission. End Human Trafficking.®

**માનવ તસ્કરી અંગે જાણ કરો: 1-888-373-7888**
**www.dhs.gov/bluecampaign**

# માનવ તસ્કરીને ઓળખવી - પોતાને આ પ્રશ્નો પૂછો:

- ☐ શું પીડિત તેમની પોતાની ઓળખ અને પ્રવાસ દસ્તાવેજોનો કબજો ધરાવે છે?
- ☐ શું પીડિતને પહેલેથી એવું શીખવી દેવામાં આવ્યું છે કે તેમણે સમુદાયના સભ્યો, કામદારો, કાયદાના અનુપાલન તથા ઇમગ્રિેશન (દિશાંતર) અધિકારીઓને સમક્ષ શું બોલવું? શું પીડિત વતી બીજું કોઇ વાતચીત કરે છે?
- ☐ શું પીડિતને કોઇ એક કામે નોકરી રાખયેલ હતો/હતી પરંતુ અન્ય કામ કરવા ફરજ પડાઇ હતી?
- ☐ શું પીડિતના વેતનને કોઇ ઉધાર અથવા ફી વસૂલવા માટે ગેરકાયદેસર રીતે સેરવી લેવામાં આવે છે? (ગેરકાયદે હેરફેરની ફીની ચુકવણી માત્રને તસ્કરી તરીકે ગણવામાં નથી આવતી.)
- ☐ શું પીડિતને નાણાં સાટે જાતીય પ્રવૃત્ત‌િ કરવા ફરજ પાડવામાં આવે છે?
- ☐ શું પીડિત છોડી જવાનો પ્રયાસ કરે તો તેમને અથવા તેમના પરિવારને હાનિ પિહોંચાડવાની ધમકી અપાઇ છે?
- ☐ શું પીડિતને દેશપાર કરવાની કે ફોજદારી તહોમત મૂકવાની ધમકી અપાઇ છે?
- ☐ શું પીડીતને હાનિ પિહોંચાડાઇ છે, આહાર, પાણી, ઊંઘ, તબીબી કાળજી, અથવા અન્ય જીવન જરૂરી બાબતોથી દૂર રાખવામાં આવ્યો/આવી છે?
- ☐ શું પીડિત શું બોલવું તે અગાઉથી શીખવ્યા વિના કે દેખરેખ રખાયા વિના મિત્રો અથવા પરિવારનો સંપર્ક કરવા માટે મુક્ત છે?
- ☐ શું પીડિત 18 વર્ષથી ઉંમરનો/ની છે અને નાણાં સામે જાતીય પ્રવૃત્તિમાં પરોવાયેલ છે?
- ☐ શું પીડિત ઊતરતી ગુણવત્તા વાળા ઘરમાં રહે છે?